


ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ચાલતા સેન્ટર ફોર હેરીટેજ મેનેજમેન્ટના છાત્રો માટે લોકસાહિત્યના વેબિનારને સંબોધતાં કલાધર મુતવા તેમજ સુષ્મા આયંગર, પ્રા. વિજય રૂપચંદાણી નજરે પડે છે.

# સાહિત્ય અકાદમીએ 'સિંધી ભાષામાં વાંચન પરંપરા' રાષ્ટ્રીય સેમિનાર યોજ્યો

ભુજ, તા. ૧૮ : ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ચાલતા સેન્ટર ફોર હેરિટેજ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે લોકસાહિત્ય પર વેબિનાર યોજાયો હતો. જેમાં કચ્છના કલાધર મુતવાએ 'ગુઝારત' લોકસાહિત્ય પર વકતવ્ય આપ્યું હતું.

આરંભમા વક્તાનો પરિચય સુષ્મા આયંગરે આપ્યો હતો. સંચાલન પ્રા. વિજય રામચંદાણીએ કર્યું હતું.

આ અગાઉ માર્ચ માસમાં સાહિત્ય અકાદમી દ્વારા 'સિંધી ભાષામાં વાંચન પરંપરા' વિષય પર રાષ્ટ્રીય સ્તરે સેમિનાર યોજાઇ ગયો, જેના અધ્યક્ષસ્થાને સિંધી સલાહકાર સમિતિના કન્વિનર ડો. નામદેવ તારાચંદાણી રહ્યા હતા. આ વેબિનારમાં કલાધર મુતવાએ ભાગ લઇ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. જેનું સંચાલન સાહિત્ય અકાદમીના મુંબઇના સેક્રેટરી ક્રિષ્ના કિમ્બહુનેએ કર્યું હતું. તદ્ઉપરાંત તેરમી માર્ચે ગુજરાત સિંધી

**કચ્છના કલાધર મુતવાએ સેન્ટર ફોર હેરિટેજ મેનેજમેન્ટના છાત્રોને વેબિનારમાં સંબોધ્યા**

સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા આદિપુર ખાતે શાળા કોલેજોના વિદ્યાર્થીઓ માટે વાંચન પર્વ યોજાયું હતું, જેમાં બન્નીનું લોક સાહિત્ય વિષય પર શ્રી મુતવાએ વકતવ્ય આપ્યું હતું, જેમા આદિપુર ગાંધીધામ સાથે અન્ય શહેરોના શિબિરાર્થીઓએ પણ ભાગ લીધો હતો. જેમાં વક્તાનો પરિચય ડો. જેઠો લાલવાણીએ આપ્યો હતો. સેમિનારના કન્વિનર પદે રીતુ ભાટિયા રહ્યા હતા.